

## @ગાંધીનગર

● સે-૨ સ્વામીનારાયણ મંદિર ખાતે પવિત્રાના હિંડોળા યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત પાઠ યોગેશભાઈ દવેના નિવાસસ્થાન ૨૨/૩, 'ચ' ટાઈપ, સે-૩૦ ખાતે રાત્રે ૯-૦૦ કલાકે યોજાશે.

● સે-૨૩ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતી વંદના પરેશભાઈ દવેના નિવાસસ્થાને ઈશાન ફલેટ, વિરાટનગર ખાતે રાત્રે ૯-૦૦ કલાકે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ રાજેન્દ્રભાઈ ઓઝાના નિવાસસ્થાન ૧૨૯૯, શિવમ સોસાયટી, સે-૨૭ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● ઈન્સ્ટીટયુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ ખાતે નવી અદ્યતન એકસઆરએફ લેબોરેટરી લોકાર્પણનું કાર્યક્રમ સાંજે ૪.૦૦ કલાકે કરાશે.

● સે-૬ સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં પૂ. નિશ્ચયસ્વામી દ્વારા ઊંટના તો અઢારવાંકા વિષય ઉપર રાત્રે ૮.૩૦ કલાકે પ્રવચન અપાશે.

● ગાંધીનગર લાયન્સ કલબ દ્વારા સે-૧૬ની અંધશાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ સવારે ૯-૦૦ કલાકે યોજાશે.

● સે-૩ સ્થિત રામેશ્વર મંદિર ખાતે માં મેલડીનો આનંદ ગરબો અને શ્રાવણ માસ નિમિત્તે બાર જયોર્તિલિંગના હિંડોળા દર્શન બપોરે ૨ થી ૫.૩૦ કલાક દરમિયાન કરાશે.

- નજાહખાનમ સૈયદ

### સિ.સિ.કા. રમતવીરોને સન્માનશે

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા આગામી દિવસોમાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનારને રોપ્ય ચંદ્રક અને સન્માનપત્ર અર્પણ કરી સન્માનવામાં આવશે. શિક્ષણ, રમતગમત, શૌર્ય, સમર્પણ, સાહસ, પ્રમાણિકતામાં સિધ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા શહેરના નાગરિકોનું સન્માન કરવાનું હોવાથી તેવી વ્યકિતઓએ આધાર સહિતની માહિતી કાર્યાલય ખાતે ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં મોકલવાની રહેશે.

### શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય અંગે નિઃશુલ્ક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગરમાં સે-૧૨ ખાતે આવેલા બલરામ મંદિરમાં ભોંયતળિયે હોલમાં આગામી તા. ૨૮, ૨૯ અને ૩૦ ઓગષ્ટ ૨૦૧૫ને શુક્ર, શનિ અને રવિવારના રોજ સવારે ૮-૦૦ કલાકે તાવરીયાજી નિર્દિષ્ટ નિયમબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય (શારિરીક, માનસિક, આધ્યાત્મિક)નો નિઃશુલ્ક કાર્યક્રમ યોજાશે. જેનો લાભ લેવા નગરજનોને અનુરોધ કર્યો છે.

# ફુડકોર્ટ પાછળ કરાયેલ લાખોનું આંધણ એળે

## તંત્રની નજર હેઠળ ફરી એકવાર દબાણ વધવા લાગ્યું : સ્વચ્છતામાં બેદરકારીથી નગરજનોના સ્વાસ્થ્ય પર ખતરો વધ્યો : ફરી દબાણની સમસ્યા વધુ વકરે તે પહેલા ડામી દેવા નગરજનોની માંગ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના ઘ-૫ સર્કલે નગરના ખાણી પીણી ચોપાટી બજારને સ્વચ્છતા સાથે એક નવી જ ઓળખ મળે અને ગેરકાયદેસર દબાણનો પ્રશ્ન પણ ઉકેલાય તે હેતુથી લાખો રૂપિયાનું આંધણ કરીને ફુડકોર્ટ બનાવાઈ છે પરંતુ આ બધું જ પાણીમાં જવા પામ્યું છે. મૂળભૂત પ્રશ્ન તો હજુ પણ ત્યાં ને ત્યાં જ છે. જે તંત્રને કદાચ નરી આંખે દખાતો નથી અથવા તો હપ્તાના ભાર તળે આંખ આડા કાન કરાઈ રહ્યાં છે.

ઘ-૫ પાસેના મેદાનમાં પહેલા ખાણી પીણીની લારીઓના દબાણને વધવા દેવામાં આવ્યું ત્યાર બાદ આ ગેરકાયદેસર દબાણને હટાવવા સાથે અહીં કાયદેસરની ફૂડકોર્ટ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. લાખો રૂપિયાના ખર્ચે ફુડકોર્ટ બનાવાઈ જેની લાંબા સમય સુધી ફાળવણી ના કરવામાં આવી. ફાળવણી બાદ મુદ્દો અદાલતમાં ગયો અને તેમાં પણ ઘણો સમય બરબાદ થવા



પામ્યો. છેવટે ફુડકોર્ટને વગર ઉપયોગ કરે રિનોવેશનનો ખર્ચ કરવો પડયો પછી માંડ ફાળવણી કરવામાં આવી અને અંતે ફુડકોર્ટ ચાલુ થઈ. આ ફુડકોર્ટ ચાલુ થઈ ત્યારે નગરજનોને હાશ થઈ કે ચાલો હવે સૌ સારા વાનાં થશે પરંતુ માત્ર થોડા સમયમાં ફરી એનો એજ પ્રશ્ન માથુ ઉંચકી રહ્યો છે જેથી નગરજનોમાં તંત્રની ખોરી દાનત અંગે પણ શંકા સેવાઈ રહી છે.

વાતનો મૂળ મુદ્દો એ છે કે લાખોના આંધણ પછી ફુડકોર્ટ કાર્યરત થવા છતાં જયાં ખાણી-પીણીની લારઓ હતી તે ફરીથી ધીમે ધીમે તેમનો અડ્ડો જમાવી રહી છે. રોડ નં. ૫ની સાઈડે ફરીથી ગેરકાયદેસર ખાણી પીણીની લારીઓ વધી રહી છે જેમાં ગેરકાયદેસર દબાણની સાથે સ્વચ્છતાની જાળવણી અંગે પણ બેદરકારીના કારણે નગરજનોના સ્વાસ્થ્ય પર ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. દર વખતે જયારે ગેરકાયદેસર થયેલું દબાણ ખૂબ વધી જાય પછી તેને હટાવવાની કોશિષ કરાય છે ત્યારે અનેક મુશ્કેલીઓ અને તેની પર નભતા લોકોની રોજગારી છીનવાઈ જવાનો પ્રશ્ન આડો આવે છે. દર વખતે નાગરિકોને એ સવાલ ખડો થાય છે કે દબાણની શરૂઆત થાય ત્યારે જ તેને કેમ અટકાવાતું નથી? જે સમસ્યાને કારણે ફુડકોર્ટનો વિકાસ કરાયો તે સમસ્યા ફરી એકવાર ઉભી થતી નરી આંખે દેખાઈ રહી હોવા છતાં કેમ તંત્ર દ્વારા આંખ આડા કાન કરાઈ રહ્યાં છે? શું આ દબાણ હટાવવામાં તંત્રને 'રોકડી' ગુમાવવાની ચિંતા તો નથી ને તેવી ચર્ચા નગરજનોમાં ચર્ચાઈ રહી છે. આ સમસ્યા ફરી એક વાર મોટું સ્વરૂપ ધારણ કરે તે પહેલા તેને ઉગતી જ ડામી દેવી જોઈએ તેવી નગરજનોમાં તીવ્ર માંગ ઉઠવા પામી રહી છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

### ફુડકોર્ટમાં દુકાન મળવા છતાં જુની લારી ઉભી કરી દબાણ કર્યું

ફુડકોર્ટમાં જેમને દુકાન ફાળવાઈ છે તેવા કેટલાક વેપારીઓ દ્વારા ફરીવાર આ દબાણ કરાઈ રહ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ફુડકોર્ટમાં દુકાન તો ચાલુ કરી દીધી પણ જુની લારી ફરી મૂકીને વધુ એકવાર દબાણ કરી ભવિષ્યમાં જયારે ફરી જગ્યાની ફાળવણીનો મામલો ઉભો થાય તો ત્યારે પણ તેનો લાભ ઉઠાવી શકાય તેવી છુપી દાનતની આમાં શંકા સેવાઈ રહી છે. કેટલાક અગ્રણી નગરજનોનું કહેવું છે કે જે વેપારીઓને ફુડકોર્ટમાં દુકાન ફાળવાઈ હોય તેમની લારી જો આ દબાણમાં સામેલ હોય તો લારી હટાવવાની સાથે સાથે તેમને ફૂડકોર્ટમાં ફાળવાયેલી દુકાન પણ રદ કરી દેવી જોઈએ જેથી અન્ય દબાણકર્તાઓને પણ યોગ્ય બોધપાઠ મળે.

## વાતવાતમાં

● કોણ કહે છે કે ઉંમર થાય એટલે તમે કોઈ ચટાકેદાર વાનગીઓ ના આરોગી શકો? સે-૬ના ક્રિશ્ના વૃધ્ધાશ્રમના વડીલોએ આખી લારી આશ્રમમાં બોલાવી પાણીપુરીની જયાફત માણી હતી.

● વહેલી સવારથી જ મહારેલીમાં ભાગ લેવા જઈ રહેલા પાટીદારોના વાહનો સુત્રો પોકારતા પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્કુલે જઈ રહેલા બાળકો ઉત્સુકતા વશ બુમો પાડી સામે જવાબ આપતા પાટીદારો ગેલમાં આવી ગયા હતાં.

● ગાંધીનગરના રેલવે સ્ટેશને વિકલાંગ અથવા અશકત કે બિમાર મુસાફરો માટે રાખવામાં આવેલ વ્હીલચેર તુટી જવા પામી છે. જો કે શહેર વસાહત મહામંડળ દ્વારા ટૂંક સમયમાં જ નવી વ્હીલચેર રેલવે સ્ટેશનને ભેટ આપવામાં આવનાર છે.

● શહેરની શાળાઓમાં આજે મહારેલીના પગલે વિદ્યાર્થીઓની પાંખી હાજરીથી સન્નાટો છવાયો હતો. કેટલીક શાળાઓમાં વધારના કોચીંગ કલાસ ચલાવીને તો કયાંક મહાત્મા ગાંધી અંગે ડોકયુમેન્ટ્રી ફિલ્મ દર્શાવીને દિવસ પસાર કરવાનું સંચાલકોએ મુનાસીબ માન્યું હતું.

● પાટીદારોની મહારેલીમાં સામેલ થનાર દરેક માટે ભોજન અને ફુડ પેકેટસની વ્યવસ્થા કરાઈ હતી. છતાં ગાંધીનગરમાંથી પસાર થતા અનેક પાટીદારોએ નગરની હોટલો અને ખાણીપીણીની લારીઓ પર ભોજન કરવાનું પસંદ કરતા આ વેપારીઓને તડાકો પડી ગયો હતો.

● આજે તો અનેક વાર વ્હોટસએપ ધીમું થઈ જવાની ફરિયાદો ઉઠવા પામી હતી. આ અંગે ઘણા નગરજનો કોઈકની ચાલ હોવાના તર્ક-વિતર્ક પણ કરવા લાગ્યા હતા. અધુરામાં પુરું હોય તેમ બે ત્રણ વાર ચેનલો પણ ખોટકાઈ જતા શંકા-કુશંકાઓનો દૌર વધી ગયો હતો.

- સમીર રામી
9924446645

# સંત સરોવરમાં ડુબેલા વિદ્યાર્થીનો સવારે મૃતદેહ મળ્યો

## મિત્રને બચાવવા જતાં પોતે જીવ ગુમાવ્યો : ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ હોટલ મેનેજમેન્ટનો વિદ્યાર્થી હતો

ગાંધીનગર, તા.૨૫

અમદાવાદનાં ઉસ્માનપુરા વિસ્તારમાં સ્થિત ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ હોટલ મેનેજમેન્ટમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી મિત્ર ગઈ કાલે ગાંધીનગર સંત સરોવરમાં ન્હાવા આવ્યા હતાં. તે દરમિયાન મિત્રનો પગ લપસતા ડુબી રહ્યો હતો તેને બચાવવા જતાં ૧૯ વર્ષીય સેકન્ડ યરનો મિત્ર ડુબી ગયો હતો જયારે પહેલા ડુબેલો મિત્ર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આજે સવારે મિત્રને બચાવતા ડુબેલા વિદ્યાર્થીનો મૃતદેહ મળી આવતા પોલીસે પીએમ કરાવી મૃતદેહ પરીવારજનોને સોંપ્યો હતો. મૃતકનાં પરિવારજનો અને મિત્ર વર્તુળમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આઈ.આઈ.એચ.એમ.ના છ વિદ્યાર્થી મિત્રો ગઈ કાલે અમદાવાદથી ગાંધીનગર ફરવા આવ્યા હતાં. સાંજે સંત સરોવરના પાણીમાં મિત્રો ન્હાવા પડયા ત્યારે એકનો પગ લપસતા ડુબી રહ્યો હતો તેને જોઈને બીજો મિત્ર ૧૯ વર્ષીય યશ વિજયભાઈ પટેલ તોને બચાવવા દોડયો હતો. ડુબી રહેલા મિત્રને બચાવવા જતા મિત્ર બચી ગયો પરંતુ યશ ડુબી ગયો હતો. મિત્ર ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આઈસીયુ વિભાગમાં દાખલ છે જયારે યશનો આજે સવારે સંત સરોવરમાંથી મૃતદેહ નિકાળી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. નોધનીય છે કે યશના પિતા પણ દેવ પામ્યા છે જયારે તેની માતાનો યશ એકનો એક દિકરો હતો તે ઉપરાંત એક દિકરી છે કે ધોરણ-૧૨માં અભ્યાસ કરે છે. આ દુર્ઘટનાથી પરિવારમાં અને મિત્ર વર્તુળમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

# સરસ્વતી પુરસ્કાર સમારંભમાં હાસ્યની છોળો



રવિવારે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે બ્રહ્મક્ષત્રિય સમાજનો વિદ્યા તેજસ્વી સરસ્વતી પુરસ્કાર સમારોહ યોજાયો હતો. જેમાં સમાજના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે હોલમાં ઉપસ્થિત બ્રહ્મક્ષત્રિય સમાજના પરિવારોને નગરના હાસ્ય કલાકાર હરપાલ ઝાલાએ હળવી પારિવારિક અને મનોરંજક વાતો દ્વારા ખડખડાટ હસાવ્યા હતાં. હરપાલ ઝાલાએ તેમની આગવી શૈલીમાં કરાવેલ મોજને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

(તસવીર : સમીર રામી)

## આજે ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ ખાતે નવીન લેબનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક રાયસણ ખાતે આવેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીક રિસર્ચ (આઈ.એસ.આર.)માં પેલીયો કલાઈમેટ અમને પેલીયો દરિયાઈ સપાટીના સંશોધન માટે અદ્યતન એક્સ.આર.એફ. લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી છે. લેબનું ઉદ્‌ઘાટન આજે સાંજે ૪ કલાકે સાયન્સ અને ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના મંત્રી ગોવિંદભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે.

આઈ.એસ.આર. ખાતે સ્થપાયેલી અદ્યતન લેબમાં એક્સ, આર,એફ,થી બધા જ મોટા અને સુક્ષ્મ પ્રમાણના એલીમેન્ટસનું પી.પી.એમ. લેવલ સુધીનું પ્રમાણ જાણી શકાય છે. આ ઉપરાંત લેબોરેટરીમાં સેડીમેન્ટોલોજી અને માઈકો પેલીયોન્ટોલોજીના પણ સાધનો ઉપલબ્ધ છે. લેબોરેટરીનો મુખ્ય હેતુ ગુજરાતના વાતાવરણ અને સમુદ્રની સપાટીની ઐતિહાસિક કાળની માહિતી તેમજ હડપ્પન સંસ્કૃતિએ અહીંથી કયા કારણોસર સ્થળાંતર કર્યું? પાછલા ૪૦,૦૦૦ વર્ષોમાં ક્યારે અતિવૃષ્ટિ અને ક્યારે અનાવૃષ્ટિ થઈ તેનો સમયગાળો પણ જાણી શકાશે. આ અદ્યતન નવીન લેબનું ઉદ્‌ઘાટન રાજયકક્ષાના સાયન્સ અને ટેકનોલોજીના મંત્રી ગોવિંદભાઈ પટેલના હસ્તે ૨૬ ઓગષ્ટને બુધવારના રોજ સાંજે ૪ કલાકે આઈ.એસ.આર. કેમ્પસ ખાતે કરવામાં આવશે.

# મોખાસણમાં ખુલ્લેઆમ જુગાર રમતા સાત શખ્સો પકડાયા

**પોલીસ પાટીદાર રેલીમાં વ્યસ્ત હશે તેમ માનીને ખુલ્લામાં બાજી માંડીને બેઠા હતા : રૂ. ૪૭ હજારનો મુદ્દામાલ જપ્ત**

ગાંધીનગર, તા.૨૫

કલોલ તાલુકાના મોખાસણ ગામમાં ખુલ્લેઆમ કેટલાક શખ્સો જુગાર રમવા બેસી ગયા હતા. કેમ કે તેમને હતું કે જિલ્લાની પોલીસ તો પાટીદાર રેલીમાં વ્યસ્ત છે. તો આપણને કોણ પકડશે? ગાંધીનગર એલસીબીને બાતમી મળતા ટીમે દરોડો પાડી રૂ. ૪૭,૬૮૦ના મુદ્દામાલ સાથે સાત શકુનીઓની ધરપકડ કરી એલસીબીએ કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ આશુતોષ પરમારની સુચનાથી તેમની વિવિધ ટીમો અસામાજીક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રીત કરીને બેઠી હતી. દરમિયાન કોન્સ્ટેબલ વિપુલભાઈને બાતમી મળી કે કલોલ તાલુકાના મોખાસણ ખાતે કેટલાક શખ્સો ખુલ્લેઆમ બાજી માંડીને બેઠા છે. ટીમે દરોડો પાડી સાત જુગારીઓને ઝડપી લીધા હતાં. કલોલના કોઠા ખાતે લહેતા વિક્રમ પ્રતાપસિંહ ઝાલા, કલોલના નટવર નારણ પટેલ, મુકેશ રામ પટેલ, મનિષ કાંતિ પટેલ, યોગેશ અંબાલાલ પટેલ, વિકી કનુ પટેલ અને મિતુલ ઘનશ્યામભાઈ પટેલ મળીને સાત શખ્સોની ૩ મોબાઈલ, એક એકટીવા અને રોકડ રૂ. ૨૨,૬૮૦ મળીને કુલ રૂ. ૪૭,૬૮૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી કરી છે.

## સેકટર-૧ના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

સેકટર-૧ પેન્શનર્સ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓના સન્માન સમારંભ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારંભમાં સેકટર-૧માં રહેતા દરેક નિવાસીઓના બાળકોમાં ધો-૧૦ અને ધો-૧૨ની પરીક્ષામાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનારને ઉત્સવ સમિતિ તરફથી નવરાત્રી ઉત્સવ દરમિયાન સન્માન કરવામાં આવશે તેમ સંસ્થાના મંત્રી અશોકભાઈ શાહ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# આજથી શરૂ થતી વિધાનસભાને પગલે શહેરમાં ચાંપતો પોલીસ પહેરો

## ત્રી-દિવસીય ચોમાસુ સત્ર દરમિયાન શહેરના મુખ્ય માર્ગો પોલીસ છાવણીમાં

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વિધાનસભાનું ત્રી દિવસીય ચોમાસુ સત્ર આવતી કાલે બધવારથી શરૂ થનાર છે ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તો હેતુસર ગાંધીનગર શહેરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત તૈનાત રહેશે. ત્રી દિવસીય સત્ર દરમિયાન શહેરના મુખ્ય માર્ગો પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે.

ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર ૨૬, ૨૭ અને ૨૮ ઓગષ્ટ ચાલશે. આ ચોમાસુ સત્ર દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ગાંધીનગર શહેરમાં લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. શહેરના તમામ મુખ્ય માર્ગો અને પ્રવેશદ્વારો પર પોલીસનો પહેરો તથા વાહનચેકીંગ રહેશે. એસ.પી., ૩ ડીવાયએસપી, ૮ પી.આઈ., ૩૦ પી.એસ.આઈ, ૨૦૦ પોલીસ જવાનો, ૩ કંપની એસઆરપી, ૩૦ મહિલા પોલીસ અને ૨૦ ટ્રાફીક પોલીસ ઉપરાંત લોકસ ડીસ્પોઝલ સ્કવોર્ડ અને કવીઝ રીસ્પોન્સ ટીમો બંદોબસ્તમાં તૈનાત રહેશે.

### ખાત્રજમાં નોકરી કરતી મહિલાનો મહિનાથી કોઈ પત્તો નથી

ગાંધીનગર, તા.૨૫

જિલ્લાના કલોલ તાલુકામાં સ્થિત ખાત્રજ ગામમાં રહેતી ૩૨ વર્ષીય મહિલા નેહાબેન રણધીરસિંગ ચૌહાણ ખાત્રજ લીંકન ફાર્માસ્યુટીકલ કંપનીમાં નોકરી કરતી હતી. ગઈ ૨૪ જુલાઈએ નોકરીથી ઘરે જવા નીકળેલી મહિલા નેહાબેનનો આજ દિન સુધી કોઈ જ પત્તો મળ્યો નથી. મહિલા ઘરે ન પહોંચતા પરિવારજનોએ ભારે શોધખોળ કરી પરંતુ તેણીના કયાંયથી સગડ ન મળતાં આખરે સાંતેજ પોલીસ સ્ટેશનમાં મહિલાના ગુમ થયા અંગેની જાણવા જોગ અરજી નોંધાવી છે પોલીસે તેણીની શોધખોળ શરુ કરી છે.

# ઓર્ગેનિક શાકભાજી મેળવવા માટે ગાંધીનગરમાં વધતો જતો કિચન ગાર્ડનનો ક્રેઝ

## પરિવારની તંદુરસ્તી અને ઓર્ગેનિક-તાજુ શાકભાજી ખવડાવવા ઈચ્છતી ગૃહિણીઓ માટે કિચન ગાર્ડન બેસ્ટ

ગાંધીનગર, તા.૨૫

શાકાહારી મનુષ્યને જીવનમાં તંદુરસ્તી, વૃધ્ધિ અને વિકાસ માટે શાકભાજી અનિવાર્ય છે. હાલના સમયમાં આર્ગેનિક શાકભાજી મેળવું કપરું કામ તો છે જ પણ સાથે સાથે ઉંચા ભાવ પણ આપવા પડે છે. આ સમયમાં ગાંધીનગર જિલ્લા સહિત શહેરમાં આર્ગેનિક શાકભાજી મેળવવા માટે કિચન ગાર્ડનનો ક્રેઝ વધી રહ્યો છે. ગાંધીનગર શહેરમાં હાલમાં ૩૦૦ જેટલા કિચન ગાર્ડન આવેલા છે.

સમતોલ આહાર માટે આપણા ભોજનમાં વ્યક્તિ દીઠ દરરોજ ૩૦૦ ગ્રામ શાકભાજીની જરૂરિયાત રહેલી છે. આજે બજારમાં તાજુ અને ઓર્ગેનિક શાકભાજી મેળવવા માટે ખૂબ જ ઉંચા ભાવ ચૂકવવા પડે છે. જે ભાવ સામાન્ય પરિવારને પોસતા નથી. આવી પરિસ્થિતમાં સામાન્ય પરિવાર ઓર્ગેનિક શાકભાજી સરળતાથી મેળવી શકે તે માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા કિચન ગાર્ડનની યોજના અમલી બનાવવામાં આવી છે. ઘર/મકાનની આજુબાજુની ખુલ્લી ફાજલ જમીન, અગાશી, છત કે બાલ્કનીમાં ફળ, ફૂલ કે શાકભાજીનું વાવેતર કરવામાં આવે છે, તેને કિચન ગાર્ડન કહે છે. કિચન ગાર્ડનમાં ચોમાસા દરમ્યાન ગુવાર, દૂધી,



ભીંડા, કારેલા, કાકડી, તુરીયા, ગલકાં, રીંગણ, ટામેટા, મરચી, શિયાળા દરમ્યાન ડુંગળી, લસણ, મેથી, પાલક, તાંદળજો, મૂળા, મોગરી, કેબેજ, ફલાવર, બટાટા અને તુવેર તથા ઉનાળા દરમ્યાન દૂધી, કારેલા, કાકડી, ગુવાર, ભીંડા, ચોળી, ગલકાં અને તુરીયાની શાકભાજી સરળતાથી વાવી શકાય છે.

કિચન ગાર્ડન માટે ઘરના વપરાયેલા નકામા વહેતા પાણીનો બગીચામાં સદૂઉપયોગ કરી શકાય છે. તે ઉપરાંત શરીરની તંદુરસ્તી માટે બગીચાનું ખેતીકામ પણ લાભદાયી બની શકે છે. કિચન ગાર્ડનની પ્રવૃત્તિનો વ્યાપ વધારવા અર્થે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા ગાંધીનગર સેકટર ૨૧ શાકમાર્કેટ ખાતે કેનીંગ વેચાણ સ્ટોર પણ ઉભો કરવામાં આવ્યો છે. જયાં કિચન ગાર્ડન બનાવવા ઈચ્છતા નગરજનોને ગુવાર, ભીંડા, ચોળી, દૂધી, ગલકાં, તુરીયાં, કારેલા, તાંદળજો, પાલક, મૂળા, ગાજર, ધાણા, મેથી કાકડી, તુવેર સુરતી પાપડી અને વાલોળ પાપડીનું બિયારણ માત્ર રૂપિયા ૧/ ના નજીવા દરે આપવામાં આવે છે. તે ઉપરાંત ટામેટા, રીગણ અને મરચીના ઘરૂ કે રોપા માત્ર ૦.૨૫ પૈસાના દરે આપવામાં આવે છે. તેની સાથે સાથે જરૂરી ખાતર પણ કિચન ગાર્ડન બનાવનાર વ્યક્તિને તેના ગાર્ડનની જરૂરિયાત મુજબ આપવામાં આવી રહ્યું છે.

### સચિવાલય ફેડરેશન કર્મચારીઓના પડતર પ્રશ્નો માટે આવતીકાલથી આંદોલન કરશે

ગાંધીનગર, તા.૨૫

ધી ગુજરાત સચિવાલય ફેડરેશન દ્વારા આગામી ૨૭ ઓગષ્ટે બપોરે ૨ કલાકે કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલ અંગે આંદોલન કાર્યક્રમ કરવામાં આવશે.

ફેડરેશનના પ્રમુખ ભવાનસિંહ પરમાર અને મંત્રી પ્રદિપસિંહ બિહોલાના જણાવ્યા અનુસાર તાજેતરમાં ફેડરેશનના સચિવાલય અને વિધાનસભા સચિવાલયના સાત એસોસિએશનના હોદ્દેદારોની બેઠક મળી હતી. જેમાં કર્મચારીઓના છઠ્ઠા પગારપંચના બાકી હક્કો સહિતના ૧૮ મહત્વના બાકી પ્રશ્નો અંગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તેમજ મંત્રી મંડળના સભ્યો નીતિનભાઈ પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, સૌરભભાઈ પટેલને આવેદનપત્ર ૮ જુલાઈના રોજ આપવામાં આવ્યું હતું. જે અંગેનું નિરાકરણ ૨૦ જુલાઈ સુધીમાં લાવવા જણાવેલ હતું. પરંતુ ઉકેલ ન લાવતાં સરકારની કર્મચારી વિરોધી માનસિકતા સામેસ્ત શબ્દોમાં વિરોધ વ્યકત કરવા અંગે આંદોલન આગામી દિવસોમાં મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલી અર્પણ કરી રામધુનથી આંદોલનની શરૂઆત કરવામાં આવશે.

### ચિરવિદાય

● સ્વ. જયબાળાબેન રતિલાલ ઠાકર, ઉ.વ.૬૯, પ્લોટ નં. ૩૪૦/૮, સેકટર-૨૯, ગાંધીનગર.